વડીલોને વંદન અભિનંદન

દશરથલાલ એમ. પરમાર
(૧૯૩૬) મો.૯૫૭૪૧૨૨૦૨૩

ધનજીભાઈ એસ. પરમાર
(૧૯૪૧) મો.૯૯૧૩૮૩૭૪૩૩

દહેગામમાં કોમી ધિંગાણું

છેડતી મામલે સમગ્ર મામલો બીચકયો હતો : ઘર સળગાવી દેવાનો પ્રયાસ : તલવાર વડે હુમલો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા સ્થિત મામલતદાર કચેરી પાછળ આજે સવારના સમયે કોમી જૂથ અથડામણ થતાં ભારે તંગદીલી ભર્યું વાતાવરણ સર્જાયું હતું. દહેગામ પોલીસે ઘટના સ્થળે દોડી આવી સમગ્ર ઘટનાને કાબુમાં લીધી હતી. પોલીસ આ સમગ્ર મામલે તોફાન મચાવી હોબાળો કરનાર કુલ ૬ શખ્સો ની ધરપકડ કરી તેમની વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં સ્થિત મામલતદાર કચેરી પાછળના વિસ્તારમાં રબારી અને મુસ્લિમ સમાજના લોકો રહે છે. જયાં આજે સવારે જયરામ લાલાભાઈ રબારીની પુત્રી પોતાના ઘરના પાછળના ભાગે સવારે બ્રશ કરી રહી હતી ત્યારે જ સામેની બાજુએથી શબ્બીર નિશાર મિસ્ત્રી (ઉ.વ.૪૦)એ આવી બ્રશ કરતી રબારી પરિવારની દીકરીનો હાથ પકડી તેની આબરુ લેવાની કોશિશ કરી હતી. આથી યુવતિએ બુમાબમ કરતા યુવતીની માતા ઘરમાંથી દોડી આવી અને પોતાની દીકરીને છોડાવવા માટે ભારે ધક્કા મુક્કી કરી હતી. આમ મામલો વધુ પેચીદો બનતા મુસ્લિમ પરિવારના અન્ય પાંચ સભ્યો તલવાર સાથે દોડી આવ્યા હતા અને યુવતી અને તેની માતા પર તલવાર વડે હુમલો કર્યો હતો અને યુવતિ અને તેની માતાને બચાવવા વચ્ચે પડેલ ભાણેજને પણ હાથ અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. ઉપરાંત મુસ્લિમ જુથના ૬ શખ્સોએ કેરોસીન લાવી માતા અને દીકરીની ઉપર કેરોસીન છાંટી ઘર સળગાવી દીધું હતું. જેમાં ઘરનો દરવાજો બળી ગયો હતો. અને તમામ શખ્સો સબ્બીર નિશાર મિસ્ત્રી, નિશાર લાલજી મિસ્ત્રી, રુસ્તમ લાલજી મિસ્ત્રી, અયુબ લાલજી મિસ્ત્રી, મુકિતઆર નિશાર મિસ્ત્રી (તમામ રહે. મામલતદાર કચેરી પાછળ દહેગામ) ભેગા મળી ઘર ઉપર પથ્થર મારો કરી ભારે તંગદીલી ભર્યું વાતાવરણ ઉભું કર્યું હતું. જેથી બાદમાં બંને જૂથો સામ સામે આવી ગયા અને ભારે ધિંગાણું થયું હતું. પોલીસને જાણ થતાં દહેગામ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને સમગ્ર મામલો કાબુમાં લીધો હતો. આ કોમી ધિંગાણાં સંદર્ભે પોલીસ ફરિયાદી અવલબેન જયરામ રબારીની ફરિયાદના આધારે ગુનો નોંધી છ શખ્સોની અટકાયત કરી હતી તમામ વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગરીબ અને પછાત વર્ગના બાળકો પણ ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી શકે તે માટે આજે પાટણ શહેર પ્રમુખ મનોજ પટેલે પછાત વિસ્તારની વિવિધ પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીઓમાં વિનામુલ્યે પતંગોનું વિતરણ કર્યું હતું. જેમાં આ પ્રસંગે બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. (જેણુભા વાઘેલા, પાટણ)

સરઢવ જનરલ હોસ્પિટલમાં રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ અને જય નારાયણ ભજન મંડળ સરઢવના સંયુક્ત ઉપક્રમે રેવાભાઈ જનરલ હોસ્પિટલ સરઢવ ખાતે તા. ૨૬મી જાન્યુઆરીના રોજ સવારે ૯.૩૦ કલાકે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સરઢવ ગ્રામ વિકાસ મંડળના સુવર્ણ જયંતિ મહોત્સવને અનુલક્ષીને આ શિબિર યોજાશે.

આનંદનો ગરબો

મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો તા. ૧૬ જાન્યુઆરી માતાજીના પ્રાગટય દિવસે બપોરે ૨-૦૦ થી ૫-૦૦ કલાક દરમિયાન સેકટર-૩-સી શિવશકિત મંદિર ખાતે યોજાશે.

કારછા ગામ નજીક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી પાસેના કારછા ગામ નજીક આવેલ રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે સોમવારે સાંજના ૪ વાગેના સુમારે એક અજાણ્યા આશરે ૩૫ વર્ષના યુવાનની લાશ પડી હોવાનું શામળાજી પોલીસમથકે જાણ કરતા પોલીસે સ્થળ પર જઈને લાશને પોસ્ટમોર્ટમ માટે શામળાજી સરકારી દવાખાને મોકલી આપીને હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે શામળાજી પોલીસમથકના પીએસઆઈ એમ.ડી. ચન્દ્રવાડીયાએ જણાવેલ કે મળેલ યુવાનની લાશને હાથે અને ખભે માર માર્યાનું જણાય છે. પરંતુ મોતનું સાચુ કારણ પોસ્ટમોર્ટમ રીપોર્ટ બાદ જ જાણવા મળશે.

ડીસામાં ઉત્તરાયણ નિમિત્તે ઠેર ઠેર શ્વાનોને લાડુ અને ગાયો માટે ઘાસની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે શહેરના હાઈવે વિસ્તારમાં આવેલ આદિત્ય સોસાયટી, આશાપુરી સોસાયટી તેમજ રાજપુર વિસ્તારમાં પણ શ્વાનો માટે લાડુની વ્યવસ્થા કરવામાં આવી છે. (તસવીર : કાન્તિલાલ લોધા)

આદીવાડા ચોકડી નજીક ટ્રકની ટક્કરે સ્કૂટરસવાર મહિલાનું મોત

ગાંધીનગરના સેકટર-૨૮ નજીક આદીવાડા ચોકડી પાસે આજે સાંજે પુરપાટ ઝડપે આવી ટ્રકે સ્કૂટર સવાર દંપતિને અડફેટે લીધા હતા. જેમાં સ્કૂટર સવાર મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું અને બે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડાયા હતા.

સે. ૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ ખાતે રહેતા અતુલભાઈ પટેલ આજે બપોરના સમયે તેમની પત્ની વર્ષાબેન અને અઢી વર્ષની બાળકીને સ્કૂટર પર બેસાડી પોતાના વતન પિલવઈ જઈ રહ્યા હતા. દરમિયાન ગાંધીનગર સેક્ટર-૨૮ નજીક આદીવાડા ચોકડી પાસે પાછળથી પુરપાટ ઝડપે આવતી ટ્રકે જોરદાર ટક્કર મારતા સ્કૂટર સવાર દંપતિ માર્ગમાં ફંગોળાઈ ગયા હતા.

જેથી ત્રણેયને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૩૪ વર્ષીય વર્ષાબેન પટેલનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ટ્રકચાલક ટ્રક મુકી નાશી છૂટ્યો હતો. આ સંદર્ભે સેક્ટર-૨૧ પોલીસે ફરાર ટ્રકચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

તલોદની દાદરડા શાળાના આચાર્યને એક ઈસમે તમાચો ઝીંકી દેતા હોબાળો

તમે બાળકોને બરાબર ભણાવતા નથી કહી વાલીએ શાળામાં આવી તમાચો માર્યો હતો

તલોદ, તા.૧૩

તલોદ તાલુકાના દાદરડા ગામની પ્રાથમિક શાળામાં આક્રમક બનીને ઘસી ગયેલા એક શખ્સે શાળાના આચાર્યને ગડદાપાટુના માર માર્યાની ફરિયાદ તલોદ પોલીસ મથકે નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ દાદરડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી છાત્રાના એક વાલી નરેન્દ્રસિંહ અનુપસિંહ ઝાલા ગુરુવારે મધ્યાહ્ન ભોજન ટાણે શાળામાં જઈ પહોંચ્યા હતા. શાળાના આચાર્ય રસીકભાઈ જીવાભાઈ પટેલ (રહે. ઘડી, પ્રાંતિજ) ને નરેન્દ્રસિંહે આચાર્યના દાવા મુજબ તમે શાળામાં બાળકોને બરાબર ભણાવતા નથી તેમ કહી તેણે તકરાર કરી હતી અને ઉશ્કેરાઈ આચાર્ય રસીકભાઈ પટેલને તમાચો મારી દીધો હતો. ઘટનાનું પુનરાવર્તન ન થાય અને કાયદેસરની કાર્યવાહી થાય તે માટે આચાર્ય એ પોલીસ ફરિયાદ કરીને આરોપી ઈસમે પોતાને ગડદાપાટુનો માર માર્યા તથા જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કર્યો છે જે અંગે તલોદ પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ ખાતે આવેલ શ્રી માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર તથા નાની ભાગોળ વિસ્તારના પટેલ સમાજના યુવાન મહિલાઓ દ્વારા આ વર્ષે શ્વાનો માટે લાડુ બનાવી શ્વાનોને ખવડાવ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

રાજ્યમાંથી ૧૦૭ પદાધિકારી ભાગ લેવા માટે સંપૂર્ણ સુસજ્જ

અમદાવાદ,૧૩

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના તા. ૧૭મીએ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે મળનારા એક દિવસીય અધિવેશનમાં ગુજરાતમાંથી એઆઈસીસીના ૬૫ ડેલીગેટ્સ તથા ૪૨ શહેર-જિલ્લા પ્રમુખો સહિત કુલ ૧૦૭ આગેવાનો ભાગ લેશે. જ્યારે અધિવેશનના બીજા દિવસે તા. ૧૮મીએ ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત સાથે ગુજરાત કોંગ્રેસના પદાધિકારીઓની બેઠક યોજાશે. જેમાં આગામી લોકસભાની ચૂંટણી સહિત સંગઠન તથા કાર્યક્રમોને લગતી કેટલીક મહત્વની ચર્ચા-વિચારણા પણ કરાશે.

કોંગ્રેસના સુત્રોના જણાવ્યા અનુસાર, ઓલ ઈન્ડિયા કોંગ્રેસ માટે ગત વર્ષના જયપુર અધિવેશન બાદ ખૂબ જ મહત્વની ગણાતી આ વખતની એઆઈસીસીની બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપપ્રમુખ રાહુલ ગાંધીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની દિશામાં મહત્વનો નિર્ણય લેવાય તેવી શક્યતાઓ વચ્ચે ગુજરાત કોંગ્રેસના તમામ પદાધિકારીઓને આ બેઠકમાં હાજર રહેવા ખાસ તાકીદ કરવામાંઆવી છે. જેમાં પ્રદેશ પ્રમુખ, વિધાનસભા વિરોધપક્ષના નેતા, પૂર્વ પ્રદેશ પ્રમુખો ઉપરાંત સંસદ સભ્યો, ધારાસભ્યો, હોદ્દેદારો તથા શહેર જિલ્લા પ્રમુખો સહિત કુલ ૧૦૭ આગેવાનોનો સમાવેશ થાય છે.

એક તરફ ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી પણ હોવાથી તેમને ગુજરાતમાં જ વ્યસ્ત રાખવા કોંગ્રેસ હાથ ધરેલી રાજકીય રણનીતિના ભાગરૂપે કોંગ્રેસની આ બેઠકમાં ગુજરાતને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે ત્યારે ગુજરાતને લગતા કેટલાક છુપા રાજકીય એજન્ડા પણ આ બેઠકમાં કોર કમિટી નક્કી કરશે તેવી શક્યતા સુત્રોએ વ્યક્ત કરી હતી. આ ઉપરાંત ગુજરાતના આમ આદમી પાર્ટી, ભાજપ તથા કોંગ્રેસને કેટલું નુકશાન કરસે તેની ચર્ચા પણ મહાઅધિવેશનમાં છવાયેલી રહેશે. તા. ૧૭મીએ યોજાનારા આ મહા અધિવેશનમાં ભાગ લેવા માટે ગુજરાત કોંગ્રેસના આગેવાનો ૧૬મીએ દિલ્હી જવા રવાના થશે.

રિમાન્ડ હોમના બાળકો ઉત્તરાયણ ઉજવશે

અમદાવાદની કલાબેન પ્રવિણભાઈ બ્રહ્મભટ્ટ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણના દિવસે સવારે ૧૧ વાગે ખાનપુર ખાતેના રિમાન્ડ હોમના બાળકો સાથે ઉત્તરાયણ ઉજવવાનો કાર્યક્રમ આયોજીત કરાયો છે. આ બાળકોને પતંગ-દોરી, તલ સાંકળી, બોર અને ફળફળાદી આપી પતંગ ચગાવી આ પર્વની ઉજવણી કરાશે. આ પ્રસંગે શહેર પ્રદેશનાં કોંગ્રેસી અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે.

શબ્દાવલી - ૫૨૮૭



આડી ચાવી

૧. ધમકી, લુખ્ખી (૪)
૬. એક શાક કે ફળ (૩)
૭. કૃતકૃત્ય, સફળ (૪)
૮. ચામડી, સ્કીન (૨)
૧૧. પોશાક પહેરવાની રીત(૫)
૧૪. રસવાળુ, રસાળ (૩)
૧૫. વગડો, રેતીનું મેદાન (૨)
૧૬. એક ઘાસ જેમાંથી ચટ્ટાઇ બને (૨)
૧૭. તાળું મારવું, ... કરવું (૨)
૧૯. ખેલ (૩)
૨૧. જંગલી ગધેડો (૪)
૨૪. નાનકડા બોર (૪)
૨૫. શારીરિક ખામી (૨)

ઊભી ચાવી

૧. ઘટવું તે, ... કરવું (૩)
૨. એક વજનનું માપ (૨)
૩. ઘરપણું, નોકર (૩)
૪. એક ધાર્મિક યાત્રાધામ(૪)
૫. અર્જુનનું એક નામ (૨)
૯. ખુશામત, ચીબાવલાપણું(૪)
૧૦. જેના સ્પર્શથી લોઢું સોનું બને (૫)
૧૨. દુશ્મની (૨)
૧૩. શરીરને શોભાવનાર વસ્ત્ર-આભૂષણ (૪)
૧૬. વપરાશ (૩)
૧૮. નાનું (૨)
૨૦. ચલમનો તવો (૨)
૨૨. વાંધો, તકલીફ (૨)
૨૩. સૂકું ઘાસ (૨)

શબ્દાવલી ૫૨૮૬ના જવાબ

આડી ચાવી :- (૧) કૌમુદી (૩) ખરખરો (૬) કદર (૭) ટાલ (૮) વકરો (૧૦) પાટો (૧૧) છાનુછપનુ (૧૩) ડામચીયો (૧૫) કતલ (૧૭) તન (૧૮) ગપગોળા (૨૦) રહેમત (૨૧) દવલુ

ઊભી ચાવી :- (૧) કૌરવ (૨) દીકરો (૩) ખર (૪) ખટાટોપ (૫) રોલ (૯) કરામત (૧૦) પાછલુ (૧૧) છાયો (૧૨) નૂતન (૧૩) ડાકઘર (૧૪) ચીલ (૧૬) ફપ (૧૭) તળાવ (૧૯) ગોદ

કંપની સમાચાર

જોઈન્ટ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ-૨૦૧૪

સિમ્સ હૉસ્પિટલ દ્વારા ૧૦મી વાર્ષિક સાયન્ટીફિક સિમ્પોઝીયમનું આયોજન પશ્ચિમ ભારત (ગુજરાત,રાજસ્થાન અને મધ્ય પ્રદેશ)માં સૌ પ્રથમવાર ECMO ની રજૂઆત કૅર ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સોસાયટી ફોર રિસર્ચ એન્ડ એજ્યુકેશન અને જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, સોલા, એએપીઆઈ અને ઓપીએના સહયોગથી લેટેસ્ટ કાર્ડિઓલોજીકલ ડિસીઝ અને આધુનિકતા અંગે અમદાવાદમાં, તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન ચાલનારા ૩ દિવસના સાયન્ટીફિક સિમ્પોઝીયમ જેઆઈસી-૨૦૧૪ નું આયોજન કરી રહ્યાં છે. આ કોન્ફરન્સમાં અમેરિકા, યુકે, ઈટાલી, ટાન્ઝાનીયા, યુગાન્ડા, શ્રી લંકા, કોંગો, ઝામ્બીયા, કેન્યા, ઈથીઓપીયા, મલેશીયા, મોલોડોવા, સાઉથ કોરીયાથી આવેલા ડોક્ટર્સ અને નિષ્ણાતો દેશની સૌથી મોટી અને સન્માનનીય મેડીકલ કોન્ફરન્સમાં અદ્યતન મેડીકલ ટેકનોલોજીકલ પ્રગતી અને તેના થેરાપેટીક ઉપયોગો અંગે આ પ્લેટફોર્મ ઉપરથી જ્ઞાન અને માહિતીનું આદાન- પ્રદાન કરશે.''

આ કોન્ફરન્સ દરમ્યાન સૌ પ્રથમવાર ECMO (એક્સ્ટ્રા કોર્પોરલ મેમ્બ્રેન ઓક્સીજીનેશન)ની ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત સમગ્ર પશ્ચિમ ભારતમાં સૌ પ્રથમ વખત રજૂઆત કરવામાં આવી હતી. ECMO એ પોર્ટેબલ હાર્ટ-લંગ બાયપાસ મશીન છે જે ખૂબ જ ગંભીર દર્દીને ૧ થી ૧૫ દિવસ સપોર્ટ પૂરો પાડીને સાજા થવામાં સહાયક બને છે. સિમ્સ હોસ્પિટલ આ નવી ટેકનોલોજી ધરાવનું સિમ્સ ECMO રજૂ કરીને દર્દીને શ્વાસોશ્વાસમાં નિષ્ફળતાની ગંભીર સમસ્યા થાય ત્યારે સપોર્ટ પૂરો પાડશે. સિમ્સ હોસ્પિટલના ચેરમેન શ્રી કેયુર પરીખ જણાવે છે કે ''આ નવી ટેકનોલોજી દ્વારા અમે શ્વાસોશ્વાસમાં નિષ્ફળતાની ગંભીર સમસ્યા ઉભી થાય ત્યારે દર્દીને અત્યંત અસરકારક સારવારના વિકલ્પો પૂરા પાડીશું. ECMO પ્રોગ્રામ અતિ આધુનિક લાઈફ સપોર્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને જીવ બચાવવામાં સહાયક બનશે.''

ગાંધીનગરના આંગણે રૂદ્રાક્ષલાઇફ મુંબઇ દ્વારા ૧૫મો ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ

ગુજરાતમાં ગાંધીનગર ખાતે વિશ્વપ્રસિદ્ધ સંસ્થા રૂદ્રલાઈફ, મુંબઈ દ્વારા અલભ્ય રૂદ્રાક્ષનું પ્રદર્શન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું છે. રૂદ્રલાઈફ સંસ્થા દ્વારા વિશ્વભરમાં ૫૫૦ થી વધુ વધારે સફળ રૂદ્રાક્ષનું પ્રચાર અને પ્રસાર પ્રદર્શન થયેલું છે. આ પ્રદર્શનમાં ૧ થી ૧૪ મુખી રૂદ્રાક્ષની સિદ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા જેન્યુઈન કલેકટર ૧ થી ૨૧ મુખી બીડ્સ તથા સ્ફટીકમાળાનું અદ્‌ભૂત કલેકશન ઉપલબ્ધ રહેશે. ભારતભરમાં એકમાત્ર રૂદ્રલાઈફ સંસ્થા ISO 9001-2000 લેબ ટેસ્ટેડ, સર્ટીફીકેટ સાથે રૂદ્રાક્ષ ઉપલબ્ધ કરાવે છે. આપના હેલ્થ પર્સનાલીટી તથા ગ્રોથ માટે તજજ્ઞ તનય સીઠાની નિષ્ણાત ટીમ દ્વારા રૂદ્રાક્ષ કોમ્બીનેશન અંગે માર્ગદર્શન મળશે. આપના જૂના રૂદ્રાક્ષની ચકાસણી પણ વિના મૂલ્યે કરી આપવામાં આવશે. નિષ્ણાંત કારીગરો આપના કોમ્બીનેશન મુજબ સ્થળ ઉપર જ માળા બનાવી આપે છે. રૂદ્રાક્ષની પૂજા-અભિષેક એકઝીબીશન સ્થળ ઉપર જ કરવામાં આવે છે. ગાંધીનગરમાં ૧૫ થી ૧૭ જાન્યુઆરી માત્ર ૩ દિવસ સાથે જ પથીક આશ્રમ, એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, જીએચ-૩ સર્કલ, જીએચ રોડ, સેક્ટર-૧૧ ગાંધીનગર ખાતે સવારે ૧૦.૦૦ થી રાતના ૯.૦૦ સુધી પ્રદર્શન તેમજ વિતરણ ચાલુ રહશે.

સાંધાના પ્રત્યારોપણનું જટિલ ઓપરેશન પાર પાડતાં અમદાવાદના તબીબ ડો. યક્ષત શાહ

૧૨ વર્ષથી ચાલવા માટે અશક્ત વૃદ્ધાને ચાલતી કરવાની ડૉ. યક્ષત શાહની સિદ્ધિ

સાંધાના પ્રત્યારોપણના અશક્ય જણાતા કોમ્પલીકેટેડ ઓપરેશનને સફળતાપૂર્વક પાર પાડવાની અનેરી સિદ્ધિ અમદાવાદના તબીબ ડૉ. યક્ષત શાહે મેળવી છે. લગભગ ૧૨ વર્ષથી ચાલવા માટે અશક્ત એવા ઈન્દોર નિવાસી ૬૫ વર્ષીય પુષ્પાબેન ડાહ્યાને ચાલતા કરવાનું શ્રેય ડૉ. યક્ષત શાહને જાય છે.

પુષ્પાબેનના ઢીંચણના હાડકાં એકબીજા પર ચઢી ગયા હોવાનું તથા ઘસારાને કારણે હાડકાં ખવાઈ ગયા હોવાનું જણાવ્યું. ડૉ. યક્ષત શાહે પોતાના અનુભવ-કૌશલ્ય અને દર્દીના આત્મવિશ્વાસના આધારે આ ચેલેન્જ સ્વીકારી અને તેમને ચાલતા કરવાની શકયતા દર્શાવી અને દર્દીના જીવનમાં નવું આશાનું કિરણ પ્રકાશીત થયું. સૌ પ્રથમ તેમણે ૨૫ દિવસ સુધી દર્દીની સ્થિતિને અનુરૂપ ફિજીયોથેરાપી કરાવીને તેમના વાંકે થયેલા પગને સીધા કર્યા. ત્યારબાદ તેમને ઢીંચણના નવા સાંધાનું પ્રત્યારોપણનું ઓપરેશન કરી દર્દીને ચાલતાં કર્યા. જે દર્દીને સાજા કરવામાં ૧૨ વર્ષથી સફળતા મળી ન હતી અને મને ચાલતા થવાની આશા છોડી દીધી હતી. તે દર્દીને ચાલતા કરવાની હામ ડૉ. યક્ષત શાહે સ્વીકારી અને તે સફળતા પૂર્વક પાર પાડીને તેમણે અમદાવાદનું ગૌરવ વધાર્યું છે.

પ્રોજેક્ટ અટવાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજની આ બેઠકમાં મેયરના પી.એ. તરીકે ફરજો બજાવતા અધિકારીને કાયમી કરવા માટેનો પણ નિર્ણય કર્યો હતો. આ અધિકારીની મુદત લંબાવવાના પ્રસ્તાવને બદલે કાયમી કરવાનો નિર્ણય લેવામાં આવતાં આ મુદ્દે વિવાદ ઉભો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ અંગેનો આખરી નિર્ણય સામાન્ય સભા પર છોડવામાં આવ્યો હોવાનું કહેવાય છે.

સ્થાયી સમિતિએ કચેરીના રિનોવેશન માટેની દરખાસ્તને પણ બહાલી આપી હતી. આજની આ બેઠકમાં સફાઈના મુદ્દે સભ્યોએ પણ આક્રોશપૂર્ણ રજુઆતો કરી ટેન્ડરની શરતોમાં જરૂર પડ્યે સુધારા-વધારા કરવા સૂચવ્યું હતું. સ્થાયી સમિતિની બેઠકમાં ભાજપના એક સભ્ય અને કમિશ્નરશ્રી વચ્ચે શાબ્દીક યુધ્ધ થયાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

મોટી ઘરફોડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ થયા છે. બે મહિના પહેલા ખરીદેલા સોના-ચાંદીના દાગીના પણ તેમના ઘરે લાકડાની બનાવેલી તિજોરીમાં મુકયા હતા. ગઈકાલે બપોરે ૪ વાગ્યે તેમના ગામે કોઈ પ્રસંગે તેઓ બંગલાને તાળુ મારીને હાજરી આપવા ગયા હતા. આજે સવારે તેમના ભાઈએ બંગલાનો દરવાજો ખુલ્લો જોતા મુકુંદભાઈને જાણ કરી બોલાવી લીધા હતા. રાત્રી દરમ્યાન ત્રણ-ત્રણ તાળા તોડીને તસ્કરો તેમના ઘરમાંથી લગ્નના કરાવેલા દાગીના તથા રોકડ રૂ. ૬ હજાર મળીને કુલ રૂ. ૪.૧૧ લાખનો મુદ્દામાલ ઉઠાવી સરળતાથી પાછળના દરવાજેથી નીકળી ગયા હતા. તસ્કરો બંગલાની બહારની જાળીનું તાળુ તોડી મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક તોડીને મકાનમાં ઘુસ્યા હતા અને લાકડાની તિજોરીનું લોક તોડી અંદરથી માલમત્તા ઉઠાવી ગયા હતા. આ બનાવ અંગે શિક્ષકની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ૧૩ તોલા સોનાના દાગીના તથા ચાંદીના દાગીના અને રોકડ મળીને રૂ. ૪.૧૧ લાખની થયેલી ઘરફોડ અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

કાળ ભરખી ગયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરથી કાબુ ગુમાવી દીધો અને હિન્દુપુરા પાટીયા પાસે ગાડી ત્રણ ગુલાંટ ખાઈને રસ્તાની સાઈડમાં એક ઝાડમાં ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં કારનો ખુડદો થઈ ગયો હતો અને કારમાં આગળ બેસેલા બંને મિત્રો નિતિનભાઈ અને મહેન્દ્રભાઈના સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી ગયા હતાં. જયારે પાછળ બેઠેલા કારીગર પાલેસના પગે ફ્રેકચર થઈ જતાં તેને દાખલ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ ગાંધીનગર પરિવારજનોને થતા જાણે પગ તળેથી જમીન સરકી ગઈ હતી. હૈયાફાટ રુદન શરુ થઈ ગયું હતું. સ્થળ પર પહોંચી બંનેના પરિવારજનો સવારે મિત્રોના મૃતદેહ ગાંધીનગર લાવ્યા હતા. સે-૨૨માંથી બપોરે ૧૨ વાગ્યે સ્મશાન યાત્રા નિકળી હતી. સે-૨૨ના સમગ્ર વિસ્તારમાં આજે શોકનો માહોલ છવાયેલો રહ્યો હતો.

૧૯૫ના કરૂણ મોત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયમન અને ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે અકસ્માતોની સંખ્યામાં ચાર ગણાથી વધુ વધારો થયો છે. જયારે અકસ્માતમાં થતા મૃત્યુઆંકની સંખ્યા પણ બેવડાઈ છે. વર્ષ ૨૦૧૩ દરમિયાન માર્ગ અકસ્માતના ૨૮૭૧ બનાવો નોંધાયા છે જ્યારે આ અકસ્માતોમાં ૧૯૫ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે. જ્યારે શહેરમાં પણ માર્ગ અકસ્માતના ૭૪૧ બનાવોમાં ૨૫ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા હતા. સમગ્ર રાજયમાં પણ પ્રતિવર્ષ સરેરાશ ૫ થી ૭ હજાર વ્યક્તિઓ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે માર્ગ અકસ્માતના આંક નીચો લાવવા ટ્રાફિક નિયમોનું પાલન કરી નાગરિક તરીકેની ફરજ અદા કરવા અપીલ કરી છે.

અધિકારીઓ બદલાયા.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફરજો બજાવતા શ્રી પાડલિયાના સ્થાને કોઈની નિમણુંક કરાઈ નથી. તેમનો ચાર્જ પણ કોને સોંપવો તે અંગેનો નિર્ણય એકાદ-બે દિવસમાં થશે તેમ મનાઈ રહ્યું છે.

એક વર્ષ પૂર્વેશ્રી પાડલિયાની નિમણુંક ગાંધીનગર મ્યુનિ. કમિશ્નરની જગ્યા સનદી અધિકારી તરીકે અપગ્રેડ કરાતાં કરાઈ હતી. હવે આ જગ્યા પર કોની નિમણુંક થશે તેને લઈ પણ અટકળોનો દોર શરૂ થયો છે. જો કે નવા કમિશ્નર આવ્યા પછી તેમની સમક્ષ બજેટ તૈયાર કરવાની જવાબદારી આવશે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં છ અધિકારીઓને સનદી અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે. તેમાંથી કોઈ એકની નિમણુંક થાય તેવી શક્યતાઓ છે.